# <u>પ્રેસનોટ</u>

## <u>હજ ૨૦૨૭</u>

## હજ-૨૦૨૭ ની કામગીરી માટે જીલ્લાવાર ફીલ્ડ ટ્રેઈનર (FT) અને આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેઈનર (AFT) ની પસંદગી અંગેની જાહેરાત.

ગુજરાત રાજ્ય હજ સમિતિના સચિવશ્રી ઈમ્તિયાઝ.એમ.ઘાંચી દ્વારા હજ-૨૦૨૭ ની કામગીરીને હાજીઓ માટે સરળ, વધુ સુદ્રઢ, ટેકનોલોજી-સભર બનાવવાના આશયથી જિલ્લાવાર ફીલ્ડ ટ્રેઈનર (FT) અને આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેઈનર (AFT) માટે ઓનલાઈન અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે. ફિલ્ડ ટેનર કે આસી.ફિલ્ડ ટ્રેનર તરીકેની સેવા સંપૂર્ણ રીતે સ્વૈચ્છીક છે, તેમજ તેના માટે કોઈ ચુકવણું કરવામાં આવશે નહિં.

રસ ધરાવતા અરજદારોએ નીચે દર્શાવેલ નિયમોને ધ્યાને લઈ તા. ૧૦/૦૬/૨૦૨૬ થી તા.૨૦/૦૬/૨૦૨૬ સુધીની નિયત સમયમર્યાદામાં (વેબસાઈટ લિંક: https://gujarathajhouse.in/ft-aft-2027) પર ફકત ઓનલાઈન જ અરજી કરવાની રહેશે.

- ગુજરાત રાજ્ય હજ સમિતિ **ફિલ્ડ ટ્રેનર/આસિસ્ટન્ટ ફિલ્ડ ટ્રેનર પસંદગી માટેની લાયકાત:**
  **(૧) અરજદારે હજયાત્રા કરેલ હોવી જોઈએ. અથવા**
  **(૨) અરજદારે છેલ્લા પાંચ વર્ષમાં ઉમરાહ કરેલ હોવો જોઈએ. અથવા**
  **(3) અરજદાર ફિલ્ડ ટ્રેનર/આસિ.ફિલ્ડ ટ્રેનર તરીકેનો ત્રણ વર્ષનો સંતોષકારક અનુભવ ધરાવતો હોવો જોઈએ.**
  આ ઉપરાંત કમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા અરજદારોને પ્રાથમિકતા આપવામાં આવશે.
  ફિલ્ડ ટ્રેનર/આસિ. ફિલ્ડ ટ્રેનરની પસંદગી સબંધિત જિલ્લાના હજયાત્રીની સંખ્યાના આધારે કરવામાં આવશે.
- ગુજરાત રાજ્ય હજ સમિતિ **ફિલ્ડ ટ્રેનર/આસિસ્ટન્ટ ફિલ્ડ ટ્રેનર પસંદગી રદ થવાં માટેનાં નિયમો:**
  (૧)અરજદાર ખાનગી ટૂર ઓપરેટર્સ કે ખાનગી કુરબાની કે ખાનગી કેટરર્સ સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ હોવા જોઈએ નહીં
  (૨) અરજદાર હજયાત્રીને મદદ માટે તેની પાસેથી કોઈ પણ નાણાકીય માંગણી કરી શકશે નહીં.
  (3) અરજદાર ગુનાહીત ઈતિહાસ ધરાવતો હોવો જોઈશે નહીં.

- ગુજરાત રાજ્ય હજ સમિતિ **ફિલ્ડ ટ્રેનર/આસિસ્ટન્ટ ફિલ્ડ ટ્રેનરની કામગીરી:**

હજયાત્રીઓના ઓનલાઈન ફોર્મ ભરવા, પેમેન્ટ સ્લીપ પ્રિન્ટ કરવી, મેડિકલ-ફોર્મ/ફિટનેસ સર્ટિ ની પ્રિન્ટ કરવી, નુસુક અને હજ સુવિધા એપ્લિકેશનની જાણકારી આપવી, હજયાત્રીઓના વીઝા ડાઉનલોડ કરી આપવા, હજયાત્રીઓને રસિકરણ કાર્યક્રમમાં સહયોગ કરવો, જિલ્લાવાર હજયાત્રીઓની ટ્રેનિંગનું આયોજન કરવું તેમજ ગુજરાત રાજય હજ સમિતિ દ્વારા વખતોવખત આપવામાં આવનાર સૂચનાઓનું પાલન કરવું.

ફિલ્ડ ટ્રેનર અને આસિ. ફિલ્ડ ટ્રેનરની પસંદગી માત્ર હજયાત્રા-૨૦૨૭ પૂરતી જ મર્યાદિત રહેશે તેમજ કોઈ પણ સમયે ગેરશિસ્ત કે નિયમભંગ જણાશે તો FT/AFT માંથી નામ કમી કરવાનો સંપૂર્ણ અધિકાર સચિવશ્રી, ગુજરાત રાજ્ય હજ સમિતિ, ગાંધીનગરને રહેશે.

---

ક્રમાંક:હજસ-૧૦૨૦૨૬-૦૯૦૬-હ.સ.
ગુજરાત રાજય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
૦૯-૦૬-૨૦૨૬

(ઈમ્તિયાઝ એમ. ઘાંચી)
સચિવ,
ગુજરાત રાજય હજ સમિતિ

નકલ રવાના -

- ગુજરાત રાજ્ય હજ કમીટીની વેબસાઈટ
- તમામ ઈલેક્ટ્રોનીક મીડીયા, સોશ્યલ મીડીયા
- એડિટરશ્રી, ગુજરાત ટૂડે, શાહઆલમ, અમદાવાદ